IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# “ગુજરાતના પ્રગતિશીલ ખેડૂતોનો અભ્યાસ”

પ્રફુલ.આર.ગામીત અને પ્રો.ડૉ.નિમિષા શુક્લ

શોધછાત્ર, અર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-14.

પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-14.

ટૂંકસાર

અભ્યાસમાં પ્રગતિશીલ ખેડૂતોનો અભ્યાસ કરવામાં આવેલ છે. પ્રગતિશીલ ખેડૂતો સામાજિક, આર્થિક અને ટેકનોલોજીની રીતે અન્ય ખેડૂતો કરતાં આગળ હોય છે. તેઓ આધુનિક ટેકનોલોજી અપનાવવા અને તેના પરિણામ મેળવવા હંમેશા આતુર હોય છે. તેઓ કૃષિ માહિતીનો સરળતાથી અને અન્ય ખેડૂતોની સરખામણીમાં ઝડપથી ઉપયોગ કરતાં હોય છે. તેઓ પોતે પોતાની કોઠાસૂઝ અને કૌશલ્યથી ખેતીક્ષેત્રે અવનવી તકનીકો અપનાવી સારું ઉત્પાદન મેળવવા પ્રયત્ન કરતા હોય છે, અને અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણાદાયી બનતા હોય છે. જે બદલ તેમને પ્રગતિશીલતાનું બિરુદ સાથે એવોર્ડ પણ આપવામાં આવે છે. અહી અભ્યાસમાં ગુજરાતના પ્રગતિશીલ ખેડૂતો અને તેઓને તેમની પ્રગતિશીલતા બદલ મળતા જુદા જુદા એવોર્ડ વિષયક રજૂઆત કરવામાં આવી છે. આ અભ્યાસની તમામ માહિતી દ્વિતીય માહિતીના આધારે લેવામાં આવી છે. રાજ્યના પ્રતિષ્ઠિત ખેડૂતોને સરદાર પટેલ કૃષિ એવોર્ડ તથા આત્મા દ્વારા રાજ્યસ્તરના, જીલ્લાસ્તરના તથા તાલુકાસ્તરના એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવે છે. આ અભ્યાસમાં તેની વિશેષ ચર્ચા કરવામાં આવી છે.

**1.** પ્રસ્તાવના:

આઝાદી બાદ કૃષિક્ષેત્ર ભારતીય અર્થવ્યવસ્થાનું સૌથી મહત્વનું ક્ષેત્ર રહ્યું છે. માટે તેને દેશની કરોડરજ્જુ કહેવામાં આવે છે. દેશની 67 % જનસંખ્યા ગામડાઓમાં વસે છે અને ગ્રામીણ અર્થવ્યવસ્થા કૃષિક્ષેત્ર પર નિર્ભર છે. વર્ષ 2011 ની વસ્તી ગણતરી મુજબ ગ્રામીણ ક્ષેત્રની 68 % જનસંખ્યા કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલ છે. એક આંકડા મુજબ કૃષિક્ષેત્ર દેશની 49 % જનસંખ્યાને રોજગારી પૂરું પાડતું અર્થવ્યવસ્થાનું સૌથી મોટું ક્ષેત્ર છે. કૃષિક્ષેત્ર દેશની અર્થવ્યવસ્થાનું પ્રાથમિક કક્ષાનું સૌથી મોટું ક્ષેત્ર હોવા છતાં દેશના વિકાસમાં ફાળો માત્ર 16.1 % છે. જયારે દ્વિતિય ક્ષેત્ર (ઉધોગ)નો ફાળો 25 % અને તૃત્તીય ક્ષેત્ર (સેવા)નો ફાળો સૌથી વધુ 62 % જેટલો છે. દેશની અર્થવ્યવસ્થામાં ઉધોગ અને સેવા ક્ષેત્ર કરતાં કૃષિક્ષેત્રનો વિકાસ ફાળો ઓછો હોવા છતાં તેનું મહત્વ ઘટ્યું નથી. દેશની વધતી જનસંખ્યા સાથે અનાજની તીવ્ર માંગ ઊભી થઇ રહી હોવાથી કૃષિક્ષેત્રની ઉત્પાદકતામાં પણ વૃધ્ધિ જરૂરી બની. બીજી બાજુ દેશના ઉધોગોને કાચોમાલ પૂરો પાડવા કૃષિક્ષેત્રનું એટલુજ મહત્વ છે.

ખેતીક્ષેત્રનું આટલું મહત્વ હોવાછતાં આ ક્ષેત્રમાં જે વિકાસ થવો જોઇએ એ હજુ શક્ય બન્ય નથી. જો કે હવે સિંચાયની સુવિધા ધીમે ધીમે વિકાસ પામી રહી છે છતાં આજે પણ દેશની 60 % વસ્તી વરસાદ આધારિત ખેતી કરે છે. વરસાદની અનિયમિતતાને કારણે ખેતીક્ષેત્ર પર તેની અસર પડે છે અને વરસાદ આધારિત ખેતી કરતા લોકોને ઉત્પાદન ઓછું મળે છે.

ભારત દેશે અન્ય દેશોની જેમ વિકાસ ક્ષેત્રે હરણફાળ ભરી પણ અન્ય દેશોની જેમ કૃષિક્ષેત્રે આધુનિક પ્રણાલીના યાંત્રીકરણો વિકસાવી શક્ય નથી. અન્ય દેશોની સરખામણીમાં આપણા દેશના ખેડૂતો ઘણા પાછળ છે, કારણ કે તેમની પાસે ખેતી માટે યોગ્ય માર્ગદર્શનનો અભાવ છે. વધતી વસ્તી સાથે જમીનના નાના નાના ટુકડાઓમાં વિભાજન થતા ખેડૂતો નાના અને સીમાંત બનતા જાય છે. જમીન ઓછી હોવાને કારણે તેઓ આધુનિક યંત્ર વિકસાવી શકતા નથી તેમજ સારું ઉત્પાદન પણ મેળવી શકતા નથી, જેના કારણે તેમની ખેતી માત્ર જીવનનિર્વાહ પુરતીજ રહી છે. ઓછી જમીન હોવાને કારણે ઉત્પાદકતા ઓછી મળે છે, ખર્ચ વધુ થાય છે સામે ભાવ પણ ઓછા મળે છે જેમાંથી ખેડૂતો ખુબ ઓછા ખર્ચે પોતાના કુટુંબનું ભોરણપોષણ કરતા હોય છે. દેશના મોટાભાગના ખેડૂતો સીમાંત અને નાના તથા ગરીબ હોવાથી ઉન્નત પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ કરવો તેમના માટે શક્ય નથી માટે ખેતીક્ષેત્રે આધુનિક સાધનોનો ઉપયોગ ઓછો થાય છે. નાણાંનો અભાવ અને યોગ્ય માર્ગદર્શન તેમજ આધુનિક સાધનોના અભાવને કારણે ભારત દેશનો ખેડૂત શ્રમ આધારિત પદ્ધતિ અપનાવે છે, જેમાં સમય અને ખર્ચ મોટા પ્રમાણમાં વેડફાય છે. ખેતીક્ષેત્રે યાંત્રીકરણના અભાવને કારણે તેનો વિકાસ થઇ શક્ય નથી. વધતી જનસંખ્યા સાથે ખેતરના કદ નાના થતા જાય છે, તેના કારણે ખેડૂત માટે ખેતી કરવું મુશ્કેલ બનતું જાય છે. ખેડૂતો પાસે ઓછી જમીન હોવાથી નાના પાયે ખેતીના કારણે તેમની ખેતીમાં સુધારો કે ઉન્નત ટેકનોલોજીના પ્રયત્ન માટે પ્રોત્સાહિત થતા નથી.

ભારત દેશનો ખેડૂત ખેતીક્ષેત્રે ઘણી સમસ્યાઓનો સામનો કરે છે છતાં પણ એક ખેડૂત તરીકે દેશને અનાજ પૂરું પાડવાનું કામ ભૂલતો નથી. દેશના ખેડૂતોમાં એક વર્ગ એવો છે જેણે ખેતીમાં પોતાની કોઠાસૂઝ અને નવીન કૌશલ્યથી ખેતીક્ષેત્રે નવી ખેતપદ્ધતિ દ્વારા ખેતીક્ષેત્રે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેઓ ખેતીમાં અવનવા પ્રયોગો કરી સારું ઉત્પાદન મેળવવા પ્રયત્ન કરે છે અને અવનવા ટેકનીકલ સાધનો વિકસાવવા પ્રયત્ન કરે છે. તથા અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણાદાયી બન્યા છે. આથી આ ખેડૂતોને પ્રગતિશીલ ખેડૂત તરીકેનું બિરુદ આપવામાં આવ્યું છે.

## 2. પ્રગતિશીલ ખેડૂતો:

સરકાર ધ્વારા આપવામાં આવેલી પ્રગતિશીલ ખેડૂતોની વ્યાખ્યા :

“આ એક એવા ખેડૂતોનો સમુદાય છેકે જે સામાજિક, આર્થિક અને ટેકનોલોજીની રીતે અન્ય ખેડૂતો કરતાં આગળ છે. તેઓ આધુનિક ટેકનોલોજી અપનાવવા અને તેના પરિણામ મેળવવા હંમેશા આતુર હોય છે. તેઓ કૃષિ માહિતીનો સરળતાથી અને અન્ય ખેડૂતોની સરખામણીમાં ઉપયોગ ઝડપથી કરતાં હોય છે.”

સરકાર ધ્વારા નક્કી કરવામાં આવેલા પ્રગતિશીલ ખેડૂતોના માપદંડો :

“સંપર્ક ખેડૂતો, પુરસ્કાર મેળવેલ ખેડૂતો, તાલુકા ખેડૂત સલાહકાર સમિતિના સભ્યો, જિલ્લા ખેડૂત સલાહકાર સમિતિના સભ્યો, રાજ્ય ખેડૂત સલાહકાર સમિતિના સભ્યો, ખેતરશાળા ચલાવતા ખેડૂતો વગેરે પ્રગતિશીલ ખેડૂતો છે.”

પ્રગતિશીલ ખેડૂતોમાં એવા ખેડૂતોનો સમાવેશ થઇ શકે કે જે ખેડૂતોએ પરંપરાગત ખેતીથી આગળ આવી આધુનિક ખેતી કરવા તરફ પહેલ કરી હોય તથા સરકાર શ્રી ના કૃષિ મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત ખેડૂતોને ખેતી માટે નવી પદ્ધતિની પહેલ કરવામાં આવે છે, રાજ્ય તરફથી મળતી સબસિડી સહાય અને ખેતીવાડી યોજનાનો લાભ લઇ આધુનિક ટેકનોલોજી અને નવીન પદ્ધતિ દ્વારા પ્રગતિશીલ ખેતી કરી મહતમ ઉત્પાદન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતાં હોય છે. ખેડૂતો પ્રગતિશીલ ખેતી કરી કૃષિ ઉત્પાદકતામાં આગવો ફાળો આપે અને સારા ઉત્પાદન થકી મહત્તમ આવક પ્રાપ્ત કરે છે, પ્રગતિશીલ ખેડૂતો ઉત્પાદન વૃધ્દ્રિ માટે સતત પ્રયત્નશીલ રહે છે અને ખેતીને સમૃદ્ધ બનાવવા તેઓ હંમેશા કઈક નવું કરતાં રહે છે.

રાજ્યની કૃષિ યુનિવર્સિટી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર(KVK) જેવી સંસ્થાઓ દ્વારા કૃષિ માર્ગદર્શક પરિસંવાદ અને ખેડૂત તાલીમનું આયોજન કરી ખેડૂતોને પ્રગતિશીલ ખેતી કરવા માટે માર્ગદર્શન આપવામાં આવે છે. પ્રગતિશીલ ખેડૂતો નવીન પદ્ધતિ દ્વારા અવનવા પાકોની ખેતી કરી સારું ઉત્પાદન મેળવી અન્ય ખેડૂતોને નવી પ્રેરણા પૂરી પાડી શકે તે માટે તેમણે પ્રાપ્ત કરેલ સિધ્ધિ બદલ રાજ્યકક્ષાએ તેમજ રાષ્ટ્રીયકક્ષાએ પારિતોષિતથી સન્માનનિત કરવામાં આવે છે. ઘણા ખેડૂતો પોતાની કોઠાસુઝ તથા વૈજ્ઞાનિક અભિગમથી ઉત્તમ રીતે ખેતી કરતા હોય છે, જેથી તે વિસ્તારના નાના અને મધ્યમ ખેડૂતો આવા સિદ્ધહસ્ત પ્રગતિશીલ ખેડૂતોના ખેતરની વખતો-વખત મુલાકાત લઇ જરૂરી માર્ગદર્શન મેળવે છે.

### 3. ATMA (આત્મા) દ્વારા પ્રગતિશીલ ખેડૂતને બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ


એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી આત્મા(ATMA) જીલ્લા કક્ષાએ કાર્યરત 'રજીસ્ટર્જર્ડ સોસાયટી છે. જે જીલ્લાના ટકાઉ કૃષિ વિકાસ માટે જીલ્લાની તમામ કૃષિ સંલગ્ન સંસ્થાઓને આયોજનથી લઇને અમલ સુધીની ક્રિયામાં સામેલ રાખીને કાર્ય કરવા જવાબદાર છે. આત્મા દ્વારા ખેડુતોને તેમની સિધ્ધિ બદલ બિરદાવવાની યોજનામાં જોગવાઇ છે. ખેડુતો પોતે પોતાની કોઠાસુઝથી નવી નવી બાબતો અપનાવે અને પોતાની રીતે સારી કામગીરી કરે તેવા ખેડુતોને બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ આપવામાં આવે છે. તેમાં તાલુકા કક્ષાએ, જીલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ રૂા.10,000/- થી 50,000/- સુધી એવોર્ડ આપવામાં આવે છે.

આ એવોર્ડ રાજ્ય, જીલ્લા અને તાલુકા કક્ષાએ 2007-08 થી આપવામાં આવે છે. ખેતી અને તેને સંલગ્ન વિવિધ વિષયોને માટે કુલ 10 અલગ અલગ કેટેગરી માટે એવોર્ડ આપવામાં આવે છે. આત્મા સાથે જોડાયેલા ખેડુતોએ આ એવોર્ડ માટેનું અરજી ફોર્મ જાહેરાત બહાર પડે જીલ્લા કક્ષાની ઓફીસ મારફતે મેળવવાનું હોય છે. જે સમય મર્યાદા નક્કી કરવામાં આવી હોય તે સમય મર્યાદામાં ફોર્મ ભરી જરુરી તમામ દસ્તાવેજો જોડી જીલ્લા પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી એ પહોંચતા કરવાના હોય છે. આ ફોર્મનું વેરીફીકેશન જીલ્લા કક્ષાના કૃષિ, બાગાયત, પશુપાલન અને મત્સ્યપાલન પૈકી એવોર્ડના સંલગ્ન અધિકારી, કૃષિ યુનિવર્સીટીના વૈજ્ઞાનિક સહિત આત્માની જીલ્લા કક્ષાએ રચાયેલ એવોર્ડ કમીટી દ્વારા થાય છે. ચકાસણીના અંતે પસંદ થયેલ ખેડુતોને ત્રણ અલગ અલગ કેટેગરી મુજબ રાજ્ય, જીલ્લા અને તાલુકા કક્ષાએ એવોર્ડ નક્કી કરવામાં આવે છે. આ એવોર્ડમાં રાજ્ય કક્ષાએ કુલ 10, જીલ્લા કક્ષાએ દરેક જીલ્લા દીઠ 10 અને તાલુકા કક્ષાએ દરેક તાલુકા દીઠ કુલ 5 એવોર્ડ આપવાની જોગવાઇ છે. એવોર્ડમાં રાજ્ય કક્ષાએ વિજેતા ખેડુતને રૂ.50,000/- રોકડા, શીલ્ડ અને સર્ટીફીકેટ આપવામાં આવે છે, જીલ્લા કક્ષાએ વિજેતા ખેડુતને રૂ.25,000/- રોકડા, શીલ્ડ અને સર્ટીફીકેટ આપવામાં આવે છે. તાલુકા કક્ષાએ વિજેતા ખેડુતને રૂ.10,000/- રોકડા, શીલ્ડ અને સર્ટીફીકેટ આપવામાં આવે છે.

2007-08 થી 2018-19 સુધીમાં રાજ્યકક્ષાએ, જીલ્લાકક્ષાએ અને તાલુકાકક્ષાએ ખેડૂતોને આપવામાં આવેલ એવોર્ડની માહિતી નીચેના કોષ્ટક મુજબ સંખ્યા તથા ટકાવારી પ્રમાણે રજુ કરવામાં આવી છે. તથા તેની ટકાવારી ચાર્ટ મુજબ દર્શાવવામાં આવી છે.

| ક્રમ | વર્ષ | રાજ્ય કક્ષા | જીલ્લા કક્ષા | તાલુકા કક્ષા | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | 2007-08 | 1<br>0.03 | 10<br>0.28 | 23<br>0.63 | 34<br>0.94 |
| 2 | 2008-09 | 2<br>0.06 | 4<br>0.66 | 22<br>0.61 | 28<br>0.77 |
| 3 | 2009-10 | 4<br>0.11 | 27<br>0.74 | 41<br>1.13 | 72<br>1.98 |
| 4 | 2010-11 | 2<br>0.06 | 26<br>0.72 | 64<br>1.76 | 92<br>2.53 |
| 5 | 2011-12 | 5<br>0.14 | 83<br>2.29 | 260<br>7.16 | 348<br>9.58 |
| 6 | 2012-13 | 8<br>0.22 | 146<br>4.02 | 342<br>9.42 | 496<br>13.66 |
| 7 | 2013-14 | 6<br>0.17 | 60<br>1.65 | 415<br>11.43 | 481<br>13.25 |
| 8 | 2014-15 | 8<br>0.22 | 86<br>2.37 | 343<br>9.45 | 437<br>12.04 |
| 9 | 2015-16 | 4<br>0.11 | 34<br>0.94 | 340<br>9.36 | 378<br>10.41 |
| 10 | 2016-17 | 3<br>0.08 | 25<br>0.69 | 256<br>7.05 | 284<br>7.82 |
| 11 | 2017-18 | 9<br>0.25 | 46<br>1.27 | 410<br>11.29 | 456<br>12.56 |
| 12 | 2018-19 | 9<br>0.25 | 60<br>1.65 | 456<br>12.56 | 525<br>14.46 |
| | કુલ | 61<br>1.68 | 607<br>16.72 | 2972<br>81.85 | 3631<br>100.00 |

સ્ત્રોત : https://atma.gujarat.gov.in/farmers-award-guj.htm




**4.** અભ્યાસના ઉદ્દેશો:

1. પ્રગતિશીલ ખેડૂતોની પ્રગતિશીલતા વિશે જાણવું.
2. પ્રગતિશીલ ખેડૂતોએ જુદાં જુદાં ક્ષેત્રે મેળવેલ યોજના વિશે જાણવું.
3. પ્રગતિશીલ ખેડૂતોએ મેળવેલા એવોર્ડ વિશે માહિતી પ્રાપ્ત કરવી.

**5.** અભ્યાસના સ્ત્રોતો:

દ્વિતીય ક્ષેત્રની માહિતી કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ અહેવાલો, સરકારી અને સંશોધન સંસ્થાઓના અહેવાલો, પુસ્તકો, સામયિકો અને વેબસાઇટ જેવા સ્રોતોનો ઉપયોગ કરી પ્રાપ્ત કરવામાં આવી છે.

**6.** સંશોધન પદ્ધતિ:

પ્રસ્તુત સંશોધનમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર(KVK), આત્મા(ATMA) અને કૃષિ યુનિવર્સિટી દ્વારા વ્યાખ્યાયિત થયેલ પ્રગતિશીલ ખેડૂતોના આંકડા મેળવવામાં આવ્યા છે.

**7.** અભ્યાસના તારણો:

1. રાજ્ય દ્વારા આયોજિત કૃષિ મહોત્સવ તથા કૃષિ વૈવિધ્યકરણના કાર્યક્રમ થકી ખેડૂતોને ખેતી વિષયક નવી તકનીકની જાણકારી પ્રાપ્ત થતા ખેડૂતોએ પોતાની કોઠાસૂઝ થકી ખેતીક્ષેત્રે વધુ ઉત્પાદન મેળવી મહત્તમ આવક પ્રાપ્ત કરી છે.
2. ગુજરાતના દરેક જીલ્લામાં કાર્યરત આત્મા તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતોને નવી તકનીકની તાલીમ આપવામાં આવતા ખેડૂતોએ ખેતીક્ષેત્રે પ્રગતિશીલતા હાંસલ કરી છે.
3. ખેતીમાં નવી તકનીક અપનાવી મહત્તમ આવક પ્રાપ્ત કરી ખેતીક્ષેત્રે પ્રગતિશીલતા પ્રાપ્ત કરતા ખેડૂતોને રાજ્ય દ્વારા તથા આત્મા દ્વારા એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે.
4. આવા પ્રગતિશીલ ખેડૂતો અન્ય ખેડૂતો માટે પણ માર્ગદર્શક રૂપ બને છે. તથા ખેતીક્ષેત્રે આવી રહેલ નવી તકનીક તથા નવા બિયારણ અને ખાતરો અપનાવવા અન્ય ખેડૂતોને મદદરૂપ તથા હોય છે.

5. અભ્યાસમાં 2007-08 થી 2018-19ના વર્ષ સુધીના 12 વર્ષમાં રાજ્યસ્તરે 61 તથા જીલ્લાસ્તરે 607 તથા તાલુકાસ્તરે 2972 આમ કુલ 3631 જેટલા ખેડૂતોને તેમની પ્રગતિશીલતા બદલ પ્રગતિશીલ ખેડૂત તરીકેના એવોર્ડ આપવામાં આવ્યા છે.
6. અભ્યાસમાં પ્રગતિશીલ ખેડૂતો દ્વારા થતી રસાયણિક ખેતી તથા સજીવખેતી બંને પ્રકારની ખેતી કરતા ખેડૂતોનો સમાવેશ થાય છે.
7. અભ્યાસના અંતે જાણી શકાય છે કે પ્રગતિશીલ ખેતી બાદ ખેડૂતને પ્રગતિશીલ ખેડૂત તરીકે બિરુદ મળતા તેમની સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય છે. સાથે આર્થિક સ્થિતિમાં પણ ફેરફાર જોવા મળે છે.

**8.** ઉપસંહાર:

વર્તમાનમાં કૃષિ મહોત્સવ કાર્યક્રમ દ્વારા ખેડૂતોને ખેતીલક્ષી ઘણી માહિતીઓ મળી રહે છે. જેના કારણે ખેડૂતોને ખેતી માટે નવી નવી પદ્ધતિઓ કૃષિ વૈજ્ઞાનિકો તરફથી મળી રહે છે. સરકારની ખેડૂતોને મળતી ઘણી યોજનાઓને કારણે ખેડૂતોને ખેતી માટે ઘણા સાધનો પ્રાપ્ત થયા છે. કોલેજ અને કૃષિ યુનીવર્સીટીઓ દ્વારા હવે ખેતીમાં અવનવી તકનીક અપનાવી ખેડૂતોને નવી ખેત પદ્ધતિઓની તાલીમ આપવામાં આવે છે. કૃષિ વિષયના અભ્યાસ દ્વારા હવે વિદ્યાર્થીઓ ખેતી કરીને સારી આવક પ્રાપ્ત કરે છે. કેટલાક કિસ્સાઓમાં આપણે એવું પણ સાંભળ્યું છે કે કોઈ વ્યક્તિ સારી નોકરી છોડી ખેતી અપનાવે છે અને ખેતીમાંથી સારી આવક મેળવે છે. અહી એક એવાજ ખેડૂતોનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જેણે પોતે પોતાની કોઠાસૂઝ અને કૌશલ્યથી ખેતીક્ષેત્રે નવી ખેતપદ્ધતિ આપવાની સારી પ્રગતિ કરી પ્રગતિશીલતા હાંસલ કરી છે.

## સંદર્ભસૂચિ


1. https://atma.gujarat.gov.in 02/01/2022 2:30
2. https://atma.gujarat.gov.in/farmers-award-guj.htm
3. Director of Economics and State Department, District Census Hendbook-2011, https://gujecostat.gujarat.gov.in, 25/12/2019 09:45
4. http://www.censusindia.gov.in, 10/12/2019 01:50
5. www.vikaspedia.in,